# 5. નર્મદામૈયા



**રમણ સોની**
**જન્મ : ઈ.સ. ૧૯૪૬**

રમણ કાંતિલાલ સોનીનો જન્મ સાબરકાંઠા જિલ્લાના ચિત્રોડા ગામમાં થયો હતો. તેઓએ અધ્યાપન કાર્ય કરી નિવૃત્તિ લીધી છે. વિવેચન-સંપાદન પ્રવૃત્તિઓમાં તેમનો વિશેષ રસ રહ્યો છે. વિવેચનમાં કવિતાનું શિક્ષણ, ખબરદાર, ગુજરાતી વ્યાકરણ વિચાર, વિવેચન સંદર્ભ તેમજ સંપાદનમાં ગુજરાતી સાહિત્ય કોશ, નેપથ્યથી પ્રકાશ વર્તુળમાં, ગુજરાતી કવિતા ચયન, ચહેરા અને રસ્તો તેઓના જાણીતા પુસ્તકો છે. હાલ તેઓ વડોદરામાં નિવાસ કરે છે અને સાહિત્યિક સામયિક 'પ્રત્યક્ષ'માં સંપાદક તરીકે સેવા આપે છે.

નિબંધ એ ગદ્ય સાહિત્યનો એક પ્રકાર છે. આ કૃતિ પ્રવાસ વર્ણન સાથેનો એક નિબંધ પ્રકાર છે. વ્યવસ્થિત રીતે અને સુઘડ ભાષામાં કોઈપણ વિષયની માંડણી થઈ હોય તેવા લખાણને નિબંધ કહે છે. સુબુદ્ધ વિચાર સંકલન એ નિબંધનો પ્રાણ છે. નિબંધમાં વિગતો સીધેસીધી લખાય છે અને એ કલાની સુંદરતા સિદ્ધ કરી શકે છે. ગાંધી યુગમાં આપણો નિબંધ જીવંત અને સુંદર બનીને વ્યાપક રીતે વિસ્તર્યો. કાલેલકરની કલમે એનું રમ્ય કલારૂપ રચાયું. જેનો ત્યાર પછીના લેખકોએ વિવિધ સ્વરૂપે સુંદર વિકાસ કર્યો.

આ કૃતિમાં લેખકે લોકમાતા નર્મદાનો સરળ ભાષામાં સ-રસ પરિચય કરાવ્યો છે. આપણે ત્યાં નદીને લોકમાતાની ઉપમા આપવામાં આવી છે. જેથી નર્મદા લોકમાતા કહેવાય તે સ્વાભાવિક છે. પરંતુ નર્મદા એ માત્ર લોકમાતા જ નથી પણ ગુજરાતની જીવાદોરી છે. નર્મદા પર મોટો ડેમ બંધાયો, સરદાર સરોવર રચાયું. હાલ તેની ઊંચાઈ વધારાઈ રહી છે. આ મહાકાયને મહત્ત્વાકાંક્ષી યોજના દ્વારા ગુજરાતના અંતરિયાળ વિસ્તારોમાં પાણીની સગવડ થઈ. હવે પીવાના પાણી સાથે ખેતીની પણ સમૃદ્ધિ સાથે આબાદી વધશે.
આ નર્મદા વિશેની વાત લેખકે આપણે પ્રવાસ માણતા હોઈએ એવી રસાળ શૈલીમાં કરી છે.
ચાલો, ત્યારે આજે એક નવી જ જાતનો પ્રવાસ કરીએ. મુસાફરી કેટલી લાંબી છે – ખબર છે ? લગભગ ૧૩૦૦ કિલોમીટર! તમને થશે – અરે ! કેટલી લાંબી ? ક્યારે પૂરી થાય, ને કેવા થાકી જવાય ! પણ આપણે પંખીની પાંખે ને પાણીના પ્રવાહે પ્રવાસ કરીશું-નહિ થાક લાગે, નહિ ખોટો સમય જાય ને મજા એટલી જ આવશે.

---

મનને તૈયાર રાખજો. આપણે શું છેક દૂર પહોંચી જઈએ છીએ. ગુજરાતની પૂર્વ બાજુએ શરૂ થાય છે મધ્યપ્રદેશ. આપણે જઈશું મધ્યપ્રદેશમાં પણ છેક પૂર્વ તરફ. ત્યાં માઈકલ નામનો પર્વત છે. એની તળેટીમાં એક વિશાળ સરોવર છે અમરકંટક. ત્યાંથી નીકળે છે આપણી નર્મદામૈયા. આકાશમાં ઊંચે ને ઊંચે જઈએ તો ભારત દેશના બે આડા ભાગ પાડતી એક ચળકતી ને સરકતી રેખા દેખાય એ જ નર્મદા. ઉપરનો ભાગ ઉત્તર ભારત ને નીચેનો ભાગ દક્ષિણ ભારત. વળી કંઈ કેટલાય કિલોમીટર સુધી તો નર્મદાની બંને બાજુ બે ઊંચા પર્વતો છે : ઉત્તરમાં વિંધ્ય ને દક્ષિણમાં સાતપુડા; ને વચ્ચે વહે છે ધસમસતી, ઊછળતી-કૂદતી નર્મદા.

તમને ખબર છે 'નર્મદા' નો અર્થ ? જે આપણને આનંદ એટલે કે નર્મ આપે તે નર્મ-દા. એના કિનારા પરની કુદરતી શોભા આપણને આનંદિત કરી મૂકે એવી છે. ઠેર ઠેર સુંદર વૃક્ષો ને સાથે સાથે

ચાલ્યા આવતા ઊંચા-નીચા પહાડો. ક્યાંક લીલોતરીવાળાં સુંદર ખુલ્લાં મેદાનો. નર્મદા ક્યાંક એકદમ શાંત; ક્યાંક દોડતી-કૂદતી—એટલે એને રેવા પણ કહે છે; રેવા એટલે કૂદનારી. ક્યાંક એ ધોધ બની જાય છે ને ક્યાંક પહોળા પટે ધીરગંભીર વહે છે. આવી સરસ નદી ! આપણા ઋષિમુનિઓ તો એને સુંદર કિનારે યાત્રા કરી એનાં વખાણ કરતાં થાક્યા જ નથી. તમે તમારાં દાદા-દાદીને આ સ્તોત્ર ગાતાં પણ સાંભળ્યાં હશે : ત્વદીય પાદપંકજં નમામિ દેવિ નર્મદે !

લો, આમ વાત કરતાં કરતાં આપણે જબલપુર પાસે ભેડાઘાટ આવી પહોંચ્યા. સુંદર જગા છે. આરસપાણના ઘેરા પીળા ખડકો વચ્ચે શાંત વહેતો પ્રવાહ. ચાંદની રાતે નૌકાવિહારની એવી તો મજા આવે ! ને આ જુઓ ! પર્વતો કેટલા નજીક આવી ગયા છે ! જાણે વાતે વળગ્યા ! આ જગાને બંદરકૂદ કહે છે. આ પર્વત પરથી સામેના પર્વત પર ને ત્યાંથી વળી પાછા આ પર્વત પર વાંદરા કૂદાકૂદ કર્યા કરે. વચ્ચે નદીમાતા જોયા કરે એ વાંદરાકૂદ. કહે છે કે જૂના જમાનામાં શૂરવીર સૈનિકો પોતાના ઘોડા પણ અહીંથી કુદાવી જતા.ને ત્યાં જુઓ : ૧૦૮ પગથિયાંવાળું ચોસઠ જોગણીનું ગૌરીશંકર મંદિર. આ નર્મદામૈયાને કિનારે મંદિરો કેટલાં બધાં ને ઠેર ઠેર !

હવે થોડા આગળ જઈશું ને ? નદીની સાથે સાથે પૂર્વથી પશ્ચિમ તરફ મુશળધારથી પણ વધારે વરસાદ પડે તેને શું કહીએ ? ધુંવાધાર વરસાદ. ધુંવા એટલે ધુમાડો ને ધાર એટલે પાણીની ધારા; આ ધુંવાધાર નામની જગાએ નર્મદા ધોધની જેમ પડે છે. ઊંચા પર્વત પરથી નીચે મોટી શિલાઓ પર પડે. આથી ફીણ ભરેલાં સફેદ પાણી ઊછળે. ને એનીય આસપાસ એટલાં બધાં ઝીણાં ઝીણાં બિન્દુઓ ઊડે કે જાણે ધુમાડો જ જોઈ લો ! કેટલું સુંદર દૃશ્ય ! તડકો હોય તો મેઘધનુષ પણ દેખાય; ને પાણી પડવાનો અવાજ તો સિંહની ગર્જના જેવો. આજુબાજુ ખુલ્લો પ્રદેશ. આગળ જતાં પ્રવાહ સહેજ ધીમો પડે. એમાં ચાલીએ તો ? ગોળ ગોળ નાના પથ્થરો પર પગ લપસતા જાય. મજા પડે. આ પથ્થર શંખજીરુના સફેદ સુંવાળા પથ્થર છે. થાય કે થોડા વીણી લઈએ ! હવે થોડીક ઝડપ કરીશું ને ? ઇટારસી-હોશંગાબાદ આગળ નર્મદાને કિનારે ત્રાંસા અણીદાર પથ્થરો છે. ધ્યાન રાખીને પગ મૂકવો પડે. પણ આપણે તો પંખીની આંખે ઊંચે ને પંખીની પાંખે ઝડપથી આગળ ચાલીએ.

વાહ ! હવે ગુજરાતમાં પ્રવેશી ગયો. ઘણે સુધી તો નર્મદા મધ્યપ્રદેશને ગુજરાતની સરહદે સરહદે ચાલે છે ને પછી ગુજરાતમાં પ્રવેશે છે. કેવડિયા નજીક ગોરા ગામે શૂલપાણેશ્વર મહાદેવના મંદિરને પ્રણામ કરી આગળ ચાલીએ. પેલું દેખાય ભરૂચ જિલ્લાનું નવાગામ. અહીં મોટો બંધ બંધાશે ને સરદાર સરોવર થઈ જશે. કેટલાં વર્ષોનું સ્વપ્ન ફળશે ! આખા ગુજરાતને સિંચાઈનું પાણી મળશે ને વિદ્યુતની સગવડ પણ. આમ થવાથી ગુજરાતની સુખાકારી ને સમૃદ્ધિ અનેક ગણી વધી જશે. બધું તૈયાર થઈ જશે પછી અહીં ફરીથી આવીશું. હમણાં તો રાજપીપળા-ચાંદોદના પહાડી જંગલને જોતાં જોતાં આગળ ચાલીએ.

જુઓ તો, નર્મદાએ અહીં બેટ બનાવી દીધો છે. બે બાજુ નર્મદા ને વચ્ચે કબીરવડ. અહીં નર્મદામૈયા શાંત છે. વર્ષોથી વડવાઈઓ ફેલાવી ફેલાવીને વડ અહીં વડદાદા બની ગયા છે. જાણે વડનું નાનું સરખું વન જોઈ લો. કવિ નર્મદે તો વળી ગાયેલું : ‘ભૂરો ભાસ્યો ઝાંખો દૂરથી ધુમ્મસે પહાડ સરખો.’ ધુમ્મસમાં જોયેલો એથી ભૂરો ને ઝાંખો પહાડ જેવો દેખાય છે. થાય છે કે અહીં રમવા રોકાઈ જઈએ. પણ વડદાદા આગળ શાંત ને આજ્ઞાંકિત નર્મદામૈયા આપણને લાડથી જાણે કહે છે : “બહુ સમય થઈ ગયો છે, સ્નાન કરીને આગળ વધો. પણ જોજો હોં, જળ એ જીવન છે. આપણે જળને સાચવીશું તો જળ આપણને સાચવશે. ખરું ને ?”

તો આપણે ચાલીએ. બેટને સામે છેડે ; ઉપર, શુક્લતીર્થ આગળ. કુદરતનું એક બીજું સુંદર તીર્થ. અહીંથી આગળ ભરૂચ નજીક હવે નર્મદા સાગરને મળશે. દરેક નદી છેવટે સાગરને જ મળે ને ? કેટલું બધું કૂદતી અને દોડતી નર્મદા અહીં ધીમી પડે છે. પણ નર્મદા તે નર્મદા. બીજી નદીઓ જેટલી ધીમી તો પડે જ શાની ? સાગરમાંય દૂર સુધી પોતાનો ચીલો કરતી ધસે છે ને પછી તેમાં ભળી જાય છે.

આવી નર્મદા આપણી લોકમાતા છે. ગુજરાતની મોટી ને સુંદર નદી છે—આપણી આશા છે; જીવાદોરી છે.

તમને થાય છે ને કે મોટા થઈશું ત્યારે સગી આંખે ને થનગનતા પગે જાતે જ નર્મદાનો પ્રવાસ કરીશું?

## ટિપ્પણ

**પંખીની પાંખે ને પાણીના પ્રવાહે** - ઊંચેથી વહેતા પાણી પર નજર રાખીને **તળેટી** - પર્વતથી આજુબાજુનો નીચાણનો ભાગ **ધસમસતી** - ઘસારાબંધ વહેતી **ધોધ** - ઊંચેથી જોરથી પડતો પાણીનો પ્રવાહ, સ્રોત **પટ** - વિસ્તાર **ધીરગંભીર** - શાંત અને નિશ્ચયી **નમામિ દેવિ નર્મદે** - હે દેવિ નર્મદા મૈયા ! તારા ચરણકમળમાં હું નમન કરું છું **જબલપુર** - મધ્યપ્રદેશનું શહેર **નૌકાવિહાર** - હોડીમાં બેસીને ફરવું, સહેલગાહ કરવી તે **ધુંવાધાર** - ધુમાડા જેવી પાણીની ધાર **શિલા** - પથ્થર **ચોસઠ જોગણી** - ચોસઠયોગિની, ચોસઠ યોગી સ્ત્રીઓ, આપણે ત્યાં પુરાણોમાં જોગણીઓની સંખ્યા ચોસઠ છે એવી માન્યતા છે. **ગૌરીશંકર** - પાર્વતીમાતા અને શંકરભગવાન **ઠેર ઠેર** - ઠેકાણે ઠેકાણે, સ્થળે - સ્થળે **મુશળધાર** - મુશળ એટલે સાંબેલું, સાંબેલા જેવી જાડી ધારે પડતો વરસાદ **મેઘધનુષ** - ધનુષ્યના જેવા અર્ધગોળ આકારે સાતે રંગોમાં દેખાતું દૃશ્ય **સ્વપ્ન ફળશે** - ઈચ્છા પૂરી થશે **બેટ** - નદી કે દરિયામાં વચ્ચે ઉપસેલો જમીનનો ભાગ **ધુમ્મસ** - ઠંડીના કારણે વાતાવરણનું પાણી ઠરીને ધુમાડા જેવું થઈ હવામાં જામે તે **આજ્ઞાંકિત** - આજ્ઞા પ્રમાણે વર્તનારું, તાબેદાર **સુખાકારી** - સુખી હાલત **શુક્લતીર્થ** - નર્મદા કિનારે આવેલું પ્રાચીન તીર્થ સ્થાન **લોકમાતા** - લોકોનું ભરણપોષણ કરનાર, ઉછેરનાર માતા **ચીલો** - માર્ગ, રસ્તો **જીવાદોરી** - જીવનનો મુખ્ય આધાર **થનગનતા પગે** - જુસ્સાભેર, તાનભેર

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. માઈકાલ પર્વતની તળેટીમાં કયું સરોવર આવેલું છે ?
2. 'નર્મદા'નો અર્થ શું થાય ?
3. 'વાંદરાકૂદ' સ્થળની કઈ વિશેષતાનો લેખકે ઉલ્લેખ કર્યો છે ?
4. સરદાર સરોવર કયા સ્થળે આવેલું છે ?
5. કઈ જગાએ નર્મદામૈયા ખૂબ શાંત જોવા મળે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં આપો.**

1. નર્મદાને 'રેવા' તરીકે શા માટે ઓળખવામાં આવે છે ?
2. 'બંદરકૂદ' નામ કેવી રીતે પડ્યું ?
3. નર્મદા યોજનાથી ગુજરાતને કયા લાભો થશે ?

4. કબીરવડ પાસે નર્મદા આપણને શું બોધ આપે છે ?
5. નર્મદાને કેમ લોકમાતા કહેવાય છે ?

**પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.**

1. ધુંવાધાર સ્થળે નર્મદાનું કેવું રૂપ જોવા મળે છે?
2. નર્મદામૈયાની પ્રવાસયાત્રા તમારા શબ્દોમાં આલેખો.

**પ્રશ્ન 4. નીચેના સ્થળો વિશે સાત-આઠ વાક્યો લખો.**

1. બન્દરકૂદ 2. ધુંવાધાર 3. કબીરવડ

**પ્રશ્ન 5. ઉદાહરણનો અભ્યાસ કરી તેના જેવા અન્ય શબ્દની રચના કરો, અર્થ લખો.**

1. નર્મ - નર્મદા - આનંદ આપનાર
2. સુખ -
3. વર
4. શુભ
5. કષ્ટ
6. પ્રેમ

**પ્રશ્ન 6. સમાનાર્થી શબ્દ લખો.**

પંખી, મહાદેવ, વન, સાગર

**પ્રશ્ન 7. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

શાંત, તળેટી, જૂનું, પૂર્વ

**પ્રશ્ન 8. સાચી જોડણી લખો.**

મૂસાફિર, કીલોમિટર, ઋષીમુની, શુરવીર, બીન્દુ

**આટલું કરો**

1. ગામ કે શહેરની આસપાસ વહેતી નદીના કિનારે પ્રવાસ કરી તેનું વર્ણન કરતો નિબંધ લખી શિક્ષકને બતાવો.
2. તમે જાતે જ નર્મદામૈયાનો પ્રવાસ કર્યો હોય તે રીતે આ નિબંધને વર્ગખંડમાં રજૂ કરો.
3. સામાજિક વિજ્ઞાન વિષયનો અભ્યાસ કરાવતા શિક્ષકને વર્ગખંડમાં બોલાવી નર્મદાયોજના વિશે જાણકારી મેળવો.

•

## ક્રિયા વિશેષણ - ૧

### નીચેના વાક્યો વાંચો

| વિભાગ A | વિભાગ B |
|---|---|
| - આ **સુંદર** ઘર છે. | લેખક છત્રી **ઝડપથી** ખોઈ નાખતા. |
| - આ **સુંદર લાલ** ગુલાબ છે. | લેખક છત્રી લેવા **રાજકોટ** ગયા. |
| - લેખક **નવી** છત્રી ખરીદવા ગયા. | વળતી બસમાં **અમદાવાદ** પાછા આવ્યા. |
| - લેખકે **પાકા રંગથી** છત્રી પર નામ લખ્યું. | કેટલીક સલાહો મળ્યા પછી હું **પાંચ મિનિટમાં** જ ભૂલી જાઉં છું. |

ઉપરના A અને B વિભાગના વાક્યો ધ્યાનથી વાંચતા સમજાશે કે ઘાટા કરેલા શબ્દ કંઈક વિશેષ અર્થ પ્રગટ કરે છે. A વિભાગના વાક્યોમાં ઘાટા કરેલા શબ્દો કંઈક વિશેષ અર્થમાં વધારો કરે છે. જેને આપણે વિશેષણ કહીએ છીએ. આ વિશેષણ વિશે તો આપણે જાણીએ છીએ પણ B વિભાગના ઘાટા કરેલા શબ્દો નામના અર્થમાં વધારો કરતાં નથી. તો વિચારો કે તે શેના અર્થમાં વધારો કરે છે ? – ક્રિયાના અથવા ક્રિયાપદના.

જેમ વિશેષણ નામના અર્થમાં વધારો કરે છે તેમ ક્રિયાવિશેષણ ક્રિયાના અર્થમાં વધારો કરે છે. જુઓ પહેલા વાક્યમાં ખોઈ નાખવાની ક્રિયા થાય છે. તે ઝડપથી થાય છે તે ક્રિયાના અર્થમાં વધારો કરે છે. આ જ રીતે વિચારો તો ક્રમશઃ જવાની, ભૂલી જવાની, પાછા આવવાની ક્રિયાના અર્થમાં રાજકોટ, પાંચ મિનિટ, અમદાવાદ વિશેષ માહિતી આપે છે કે અર્થમાં વધારો કરી આપે છે એટલે કે ક્રિયાવિશેષણ બને છે.

ક્રિયાવિશેષણ તરીકે આવતાં પદો ક્રિયાપદના અર્થમાં જે પ્રકારના અર્થની વિશેષતા લાવે છે તેને આધારે તેના જુદા જુદા પ્રકાર પડે છે. પરંપરાથી ક્રિયાવિશેષણના નીચે પ્રમાણેના પ્રકારો પાડવામાં આવે છે.

#### ૧ સ્થળવાચક ક્રિયાવિશેષણ :

જેમાં ક્રિયા થવાના સ્થળનો વિશેષ નિર્દેશ થતો હોય તેને સ્થળવાચક ક્રિયાવિશેષણ કહેવાય. (ક્રિયાનું સ્થળ દર્શાવે તે સ્થળવાચક ક્રિયાવિશેષણ.)

દા.ત. ૧ રમેશે ચોપડી **ટેબલ પર** મૂકી.

૨. વિદ્યાર્થીઓ **મેદાનમાં** રમે છે.

૩. તે આજે સવારે **મુંબઈ** ગયો.

અહીં ટેબલ પર, મેદાનમાં, મુંબઈ એ ક્રિયાના સ્થળને દર્શાવે છે માટે તે સ્થળવાચક ક્રિયાવિશેષણ બને છે.

### ૨ સમયવાચક ક્રિયાવિશેષણ :

જેમાં ક્રિયા થવાના સમયનો વિશેષ નિર્દેશ થતો હોય તેને સમયવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

દા.ત. ૧ **ગયા ચોમાસામાં** લેખકે છત્રી ખોઈ નાખી.

૨ રીનાએ **પાંચ કલાક** વાંચ્યું.

૩ **તે દિવસે** લેખક છત્રી બસમાં જ ભૂલી ગયા.

અહીં ગયા ચોમાસામાં, પાંચ કલાક, તે દિવસે ક્રિયા થવાના સમયનો નિર્દેશ કરે છે. માટે તે સમયવાચક ક્રિયાવિશેષણ બને છે.

### ૩ રીતવાચક ક્રિયાવિશેષણ :

જેમાં ક્રિયા થવાની રીત દર્શાવવામાં આવી હોય તે રીતવાચક ક્રિયાવિશેષણ કહેવાય છે.

દા.ત. ૧ તે આજે ધીમે ધીમે દોડી.

૨ લેખક છત્રી લેવા ફટાફટ બસ સ્ટેન્ડ ગયા.

૩ રમેશે ધડામ દઈને બારણું બંધ કર્યું.

અહીં ધીમે ધીમે, ફટાફટ, ધડામ દઈને ક્રિયા થવાની રીત બતાવે છે. માટે તે રીતવાચક ક્રિયાવિશેષણ બને છે.

હવે પછીના બીજા ક્રિયાવિશેષણો આગળ જોઈશું.